


"અરે સાહેબ પેલા બેંગ્લોરીયા આવી ગયા કે નહીં..."

"કેમ... તમને શું ચિંતા થઈ... એ તો આવશે. મતદાન કરવાના સમયે આવી જશે..."

"એમ નહીં સાહેબ, આજે રક્ષાબંધન છે એટલે તહેવાર તો પરિવાર સાથે ઉજવે ને... કોંગ્રેસને બચાવવામાં બિચારો પરિવાર પરેશાન થાય છે."

"હા... ભાઈ હા, તમારી ચિંતા હું સમજી શકુ છુ. તમારી બીકમાં ને ધાકમાં તો એમને બેંગ્લોર જવુ પડ્યું છે."

"હળહળતુ સાવ જુઠ્ઠાણું... તમને મત તુટે નહીં એની ચિંતા છે. જેને ફુટવું જ ન હોય એને કોણ ફોડી શકે? ધારાસભ્યો જ જો મક્કમ હોય તો એમને ઓછી ધમકીની અસર થવાની છે..."

"એવુ નથી સાહેબ, બધાને ઓળખીયે છીએ. કોણ શુ કરે છે અને કોણ શુ કરશે છે એની કરમકુંડળીઓ છે અમારી પાસે... શામ, દામ, દંડ, ભેદમાં તમારાવાળા પારંગત છે પારંગત..."

"એટલે હવે કોઈ તુટશે નહીં, ક્રોસ વોટીંગ નહીં થાય, નોટાનો આશરો નહીં લેવાય એવું તમે માનો છો..?"

"... એવું માનતા નથી પણ જે ષડયંત્ર ગોઠવાયું હતુ તેમાં ઓટ આવી છે, તે મંદ પડ્યું છે... કદાચ અટકી પણ ગયું છે. જે હોય તે આજે તો બંને પક્ષે ભય છે"

"...હેં હેં હેં એટલે બંને બાજુ જોખમ લાગે છે તમને?"

"હાસ્તો, જોખમ બંને બાજુ છે. રાજ્યસભાના મતદાનની આંટીઘુંટીમાં એકપણ મત બગડ્યો તો રાજકીય ભુકંપ થશે."

"એમાં ભુકંપ શાનો? રાજકારણમાં તો ચાલ્યાં કરે. બોલીને ફરી જવુ, જુઠ્ઠુ બોલવું, ખોટાં આક્ષેપો કરવા આ તો રાજકારણનો ભાગ છે..."

"તમારાવાળાને કોઈને ઉપાડી નહીં જાય એ વાત પાક્કી લાગે છે..."

"કેમ એરપોર્ટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો એટલે... પોલીસ અધિકારીઓ ગાડીઓ સાથે ગોઠવી દીધા એટલે અમને તો શંકા છે સાહેબ આમાય કાવતરૂ હોવાનો શક છે. કોણ કહે છે રક્ષણ માટે રક્ષા ગોઠવાઈ છે. કદાચ બીજુ પણ હોઈ શકે."

"... અરે યાર, રક્ષાબંધને તમને રક્ષામાં શક લાગે છે. તમે ચૂંટણીપંચમાં અરજી કરી રક્ષણની માંગણી કરી, અમે એ મુજબ રક્ષણ આપીએ અને એમાં તમને દાળમાં કાળુ દેખાય છે. શું કરવુ તમારા માટે સમજાતુ જ નથી."

"...હા...ભાઈ...હા. રક્ષાબંધનના પવિત્ર દિવસે રક્ષા માટે સરકારથી લઈ સૌ પારદર્શક રહે તો એનાથી રૂડુ રૂપાળુ કંઈ છે જ નહીં... આવો આજે રક્ષાબંધને કોઈ બહેન દિકરીને કનડગત ન થાય, કોઈ સાથી સહયોગીને આપણાથી કે આપણી સરકારથી સમસ્યા ન થાય એવી પાવન શ્રાવણી પૂનમે પરમતત્વને પ્રાર્થીએ."

- નિમિત્ત માત્ર

# કોલવડાથી પોઈચા જવા નીકળેલી લકઝરી બસે ડભોઈ પાસે પલટી ખાધી : ૪૦ શ્રધ્ધાળુઓને ઈજા

**ડભોઈ તેમજ આસપાસની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તમામ શ્રધ્ધાળુઓને ગાંધીનગર હોસ્પિટલ લવાયા, કોલવડાથી બસ રાત્રે ૧૦ વાગે ઉપડી અને વહેલી સવારે ૪ વાગે ટાયર ફાટતા ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ પલટી મારી ગઈ, હોસ્પિટલમાં ધારાસભ્ય, આરએમઓ, ડોક્ટર્સની ટીમ, નર્સિંગ સ્ટાફ ઈજાગ્રસ્તોની સારવાર માટે ખડેપગે હાજર**





ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક કોલવડા ગામથી ખાનગી લકઝરી બસ ગામના શ્રધ્ધાળુઓને લઈ પોઈચા જઈ રહી હતી. તે સમય દરમિયાન વહેલી સવારે અંદાજે ૪ વાગે અચાનક ડભોઈની આસપાસ લકઝરી બસનું ટાયર ફાટતા ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. બસમાં સવાર તમામ શ્રધ્ધાળુઓને શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. રાત્રીના અંધકારમાં અચાનક અકસ્માત સર્જાતા શ્રધ્ધાળુઓમાં રોકકળ મચી ગઈ હતી. ત્યારે સ્થાનિક રહીશો અન્ય વાહનચાલકો અને તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ ઈજાગ્રસ્ત શ્રધ્ધાળુઓને ગાંધીનગર સિવિલ ખાતે રવિવાર બપોરે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. ત્યારે હોસ્પિટલમાં પણ ભારે ચહલ-પહલ વધી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામથી શનિવારના રોજ રાત્રીના ૧૦ કલાકે ગામના શ્રદ્ધાળુઓને લઈને ખાનગી લકઝરી બસ પોઈચા સ્વામીનારાયણ ભગવાનના દર્શનાર્થે ઉપડી હતી. પરંતુ સવારના ચાર વાગ્યાના અરસામાં બસ ડભોઈની આસપાસ પહોંચી હતી. તે સમય દરમિયાન અચાનક બસનું ટાયર ફાટતા ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવતા તે પલટી મારી ગઈ હતી. જો કે સવારનો સમય હોવાથી મોટાભાગના શ્રધ્ધાળુઓ સુઈ ગયા હતા. રાત્રીના અંધકારમાં અચાનક બસ પલટી જતા બસમાં સવાર મુસાફરોને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા રોકકળ મચી જવા પામી હતી. બસમાં સવાર

● અનુસંધાન પાન-૫ પર

## આજે ભાજપના ધારાસભ્યોની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૬

ભાજપ વિધાયક દળના સભ્યોની આવતીકાલે મળનારી બેઠકમાં આઠમીના રોજ યોજાનારી રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને મત આપવા માટે માર્ગર્શન આપવામાં આવશે.

આવતીકાલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પ્રભારી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં ધારાસભ્યોને રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન અંગે માર્ગદર્શન આપવામાં આવશે અને ભાજપના ત્રણે ઉમેદવાર અમીત શાહ, સ્મૃતિ ઈરાની, બલવંતસિંહ રાજપૂતને મત આપીને વીજયી બનાવવા અંગે ધારાસભ્યોને વ્હીપ આપવામાં આવશે. રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ભાજપ કોંગ્રેસના કુલ ચાર ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવતા આ વખતે કોંગ્રેસમાંથી ક્રોસ વોટીંગ થવાની પૂરી શક્યતાને પગલે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો પોતાના ધારાસભ્યોને સાચવવા અને ક્રોસ વોટીંગ ન થાય તે માટેની રણનીતિ ઘડી કાઢી છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪મી ઓગષ્ટે મળશે

**૮ મહિના બાદ સામાન્ય સભા મળી રહી છે : વચ્ચે ૩ સામાન્ય સભાઓ મળી હતી : બેઠક તોફાની બનવાના સંકેત**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪મી ઓગષ્ટના રોજ બપોરે ૩ વાગે સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની અધ્યક્ષતામાં મળનાર આ સામાન્યસભામાં જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ જે થયો છે તે અંગે ચર્ચા વિચારણા કરવા ઉપરાંત બનાસકાંઠા-પાટણ જિલ્લામાં જે જળસંકટ આવ્યું હતુ તેના પર ચર્ચા કરાશે એટલુ જ નહિ આ જળસંકટમાં જાન ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવનાર છે.

આ બેઠકમાં વિકાસના નવા કામોને વહીવટીય મંજૂરી માટે રજુ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૫ પર

# ચિલોડાનો ૨૬ વર્ષીય યુવાન સ્વાઈન ફલુની ઝપટમાં આવ્યો

**દર્દી ચિલોડામાં ભાડાના મકાનમાં રહે છે : જિલ્લામાં દર્દીઓની સંખ્યા વધીને ૨૦ થઈ**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતેથી આજે સ્વાઈન ફલુનો પોઝીટીવ દર્દી મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા વધીને ૨૦ પર પહોંચી છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો જે મળી રહ્યા છે તેનાથી તંત્ર ચિંતાતુર બની દોડધામમાં વ્યસ્ત બન્યું છે. આજે મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ શરુ કરવામાં આવેલ છે પણ કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

મળતી વિગતો પ્રમાણે ચિલોડામાંથી ૨૬ વર્ષીય યુવાન દર્દી મળી આવેલ છે. જે હાલ અમદાવાદ સિવીલમાં સારવાર હેઠળ છે. આ દર્દી બહારગામથી આવેલ છે અને ચિલોડા ખાતે ભાડાના મકાનમાં વસવાટ કરે છે.

● અનુસંધાન પાન-૫ પર

# યુવા ભાજપના નેતા જયેશ દરજીને કોર્ટે જેલ હવાલે કર્યો

**જયેશ દરજીની જામીન અરજી કોર્ટે આકરા વલણની સાથે ફગાવી : રિમાન્ડ માંગ કરતી અરજી કોર્ટ દ્વારા ફગાવાઈ**

અમદાવાદ, તા.૬

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે હતા ત્યારે આજે સાંજે ધાનેરા લાલચોક પાસે રાહુલ ગાંધીની કાર પર અચાનક પથ્થર વડે હુમલો કરવાના ચકચારભર્યા પ્રકરણમાં ભાજપના યુવા નેતા આરોપી જયેશ દરજીને ધાનેરા કોર્ટે જેલહવાલે કર્યો છે. આરોપી જયેશ દરજીના ચાર દિવસના રિમાન્ડની માંગણી કરતી ધાનેરા પોલીસની અરજી ફગાવી દીધી હતી. સાથે સાથે કોર્ટે આરોપી જયેશ દરજી દ્વારા કરાયેલી જામીનઅરજી પણ કોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી અને તેને જયુડીશીયલ કસ્ટડીમાં જેલ હવાલે કરવા હુકમ કર્યો હતો. રાહુલ ગાંધીની કાર પર સીમેન્ટની ઈંટ વડે જોરદાર હુમલો કરનાર આરોપી જયેશ દરજી ભાજપનો જ કાર્યકર અને બનાસકાંઠા જિલ્લા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી હોવાનું સામે આવ્યું હતું. કોંગ્રેસે નોંધાવેલી ફરિયાદ અનુસંધાનમાં ધાનેરા પોલીસે આરોપી જયેશ દરજી સહિત અન્ય ત્રણ જણાંની ધરપકડ કરી હતી. બનાસકાંઠાના ધાનેરા પાસે રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલાને કારણે રાહુલ ગાંધીની કારના કાચ તૂટી ગયા હતા અને એસપીજી જવાનને હાથમાં ઈજા પહોંચી હતી. આ બનાવ સંદર્ભે કોંગ્રેસે ધાનેરા પોલીસમથકમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ફરિયાદ અનુસંધાનમાં પોલીસે હાથ ધરેલી તપાસ દરમ્યાન આ સમગ્ર ઘટના પાછળ બનાસકાંઠા ભાજપ યુવા મોરચાના મહામંત્રી એવા જયેશ દરજીની જ સંડોવણી બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. આજે આરોપી જયેશ દરજીને ધાનેરા પોલીસે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કર્યો હતો અને તેના ચાર દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે, કોર્ટે પોલીસની રિમાન્ડ અરજી ફગાવી દીધી હતી અને તેને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કર્યો હતો.



શહેરમાં વધુ એક સર્કલ - રિલાયન્સ ચોકડી તરીકે જાણીતા બનેલા ચાર રસ્તા પર ટ્રાફીક નિયંત્રણ માટે સર્કલનું નિર્માણ થઈ રહ્યું છે... ન્યુ ગાંધીનગરના અવર-જવરના મુખ્ય ચાર રસ્તા પર આજકાલ વારંવાર ટ્રાફીક જામ થાય છે... સાથો સાથ અકસ્માતનો પણ ભય રહેતો હોય છે... ગુડા વિસ્તારના ચાર રસ્તે વધુ એક સર્કલ શહેરને ભેટ મળશે.

# કલોલ આઈએમએના નિમંત્રણથી મળેલ ઝોનલ બેઠકમાં જિલ્લાનો સ્વાઈન ફલુ ચર્ચામાં છવાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આજે આઈએમએની ઝોનલ બેઠક ગુજરાત આઈએમએના અધ્યક્ષ યોગેન્દ્ર મોદીના અધ્યક્ષપદે મળી હતી.

આ ઝોનલ બેઠકમાં યોજાયેલ વર્કશોપનું પણ આયોજન કલોલ આઈએમએ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોફેશનલ પ્રોસ્કેશન સ્કીમને લઈ વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. આ વર્કશોપમાં ડીવાયએસપી કલોલ, કલોલના જાણીતા કાનૂનવિદો પણ જોડાયા હતા.

આ પછી બીજી બેઠકમાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિપક સી. જાગાણી દ્વારા તબીબોને સ્વાઈનફલુ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વાઈનફલુના લક્ષણોવાળા તમામ દર્દીની માહિતી નજીકના આરોગ્ય કેન્દ્રોમાં નિયમિત રીતે દૈનિક ધોરણે આપવા પણ તેમણે વિશેષ આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં મનપામાં ચાર કેસો જે નોંધાયા છે તેની તેમજ જિલ્લાના વિવિધ તાલુકાઓના કેસો નોંધાયા છે તેની વિસ્તૃત વિગતો રજુ કરી ડૉ. જાગાણીએ ચર્ચાઓ કરી હતી.

કલોલ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદ પ્રજાપતિ દ્વારા તાલુકાની વિવિધ આરોગ્ય સેવાઓ અને લાભાર્થીઓને મળી રહેલા લાભની વાતો સાથે તંત્ર દ્વારા નવતર અભિગમ જે **QR Code**ની મદદથી કેવી રીતે જાણી શકાય છે તેની જાણકારી આપી હતી.

આ બેઠકમાં રિટાયર્ડ સ્ટેટ મેડિકલ ઓફિસર ડૉ. પી. એસ. દવે એ પી સી એન ડીટી એક્ટને લઈ વિસ્તૃત જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં કલોલ, ગાંધીનગર, માણસા, વિજાપુર, કડી, મહેસાણા, ઊંઝાની આઈ એમ એ ના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. ગાંધીનગર જિલ્લાના અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, ગાંધીનગર આઈએમએના ડૉ. અનિલ ચૌહાણ, એમઓએચ ડૉ. દિનેશ બારોટ, ડૉ. સૈની, ડૉ. પ્રશાંત ભટ્ટ, ડૉ. રશ્મિન પ્રજાપતિ સહિત અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે કલોલના પ્રેસીડેન્ટ ડૉ. જયશ્રીબેન પટેલ અને તેમની સમગ્ર ટીમે જોરદાર મહેનત અને અથાગ પ્રયાસો કર્યા હતા. જેને સ્ટેટ પ્રેસિડેન્ટ ડૉ. મોદીએ બિરદાવ્યા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્કર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૮
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૯૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com